શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૬ • અંક : ૦૫
મે : ૨૦૨૪

ચંદન ખોર કિયે આવત હરિ, ચંદન ખોર કિયે....

વડતાલધામ દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે અમદાવાદથી વડતાલ પદયાત્રાનું આયોજન થયું. જેના સમાપન પ્રસંગે વડતાલ ખાતે આયોજિત ચપ્પલ વિતરણ પ્રસંગે ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો, ભક્તો તથા દરિદ્રનારાયણની સેવા કરતા સ્વયંસેવકો

SGVP ખાતે યોજાયેલ બાલ સત્સંગ શિબિરમાં પૂજ્ય સંતોના સાંનિધ્યમાં બાળકોને સંસ્કાર સાથે શિક્ષણ અપાયું હતું. બાલિકાઓએ સાંખ્યયોગી બહેનોની નિશ્રામાં સંસ્કાર પ્રાપ્ત કર્યા હતા.

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૬, મે : ૨૦૨૪, અંક : ૦૫

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

હેલી મારે મંદિરિયે મોરાર

હેલી મારે મંદિરિયે મોરાર,
પધાર્યા પ્રીતથી રે લોલ;
રસિયે બોલાવી ગ્રહી બાંય કે,
રસની રીતથી રે લોલ. ૧

સુંદર છોગાં મેલ્યાં શીશ,
કલંગી શોભણી રે લોલ;
પહેર્યાં ફૂલડાં કેરા હાર,
અલૌકિક છબી બની રે લોલ. ૨

અતિશે આનંદ વાધ્યો અંગ,
થઈ રંગ રેલડી રે લોલ;
આવી અલબેલાને સાથ,
બંધાણી બેલડી રે લોલ. ૩

સજની આમા સામા આજ,
અધર રસ પીધલા રે લોલ;
નીરખી બ્રહ્માનંદનો નાથ કે,
ઉર ઘર લીધલા રે લોલ. ૪

અનુક્રમણિકા

૧.	ભગવાનના આશ્રયનો મહિમા	૦૪
૨.	સૌંદર્યની અનુભૂતિ	૦૭
૩.	મૈં હું આદિ અનાદિ...	૦૯
૪.	ભક્તને દુઃખ શા માટે ?	૧૧
૫.	સમાચાર દર્શન	૧૩

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

ભગવાનના આશ્રયનો મહિમા

- સ્વામી માધવપ્રિયદાસ

શાસ્ત્રોમાં ભગવાનના આશ્રયનો ખૂબ જ મહિમા ગવાયો છે.

રામાયણમાં વિભિષણજી જ્યારે ભગવાન શ્રીરામનાં શરણે આવે છે, ત્યારે ભગવાન રામચંદ્રજી એને અભય આપતાં કહે છે,

सकृदेव प्रपन्नो यः तवाऽस्मीति याचते।

अभयं सर्वभूतेभ्यः ददाम्येतद् व्रतं मम ॥

"કોઈ જીવ એકવાર મારે શરણે આવીને પ્રાર્થના કરે કે, 'હે ભગવન્ ! આજથી હું તમારે શરણે છું, તમે મારો સ્વીકાર કરો' આવા શરણાગત જીવને સર્વ પ્રકારે નિર્ભય બનાવી દેવાનું મારું જીવનવ્રત છે."

ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે,

अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक्।

साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥(गीता-९-३०)

"કોઈ ગમે એટલો દુરાચારી હોય પણ જો એ અનન્યભાવે મારો આશ્રય કરે, તો એ જ ક્ષણે એને સર્વ પાપોથી મુક્ત સાધુ સમાન ગણવો; કારણ કે એણે મારે શરણે આવવાનો શ્રેષ્ઠ નિર્ણય કર્યો છે."

અનેક સાધનો કરવાં છતાંય માયાના ગુણોથી પર નિર્ગુણ થઈ શકાતું નથી, પરંતુ આશ્રયના બળથી જીવ નિર્ગુણભાવને પામી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।

मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ (गीता-७-१४)

"દૈવી અને ત્રિગુણમયી એવી જે આ મારી માયા એને તરવી ઘણી દુષ્કર છે, પરંતુ જે મારે શરણે આવે છે તે આ માયાના મહાસાગરને સરળતાથી તરી જાય છે."

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।

अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥(गीता-१८-८)

'હે અર્જુન ! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ્ય, તો હું તને સર્વ પાપ થકી મૂકાવીશ; તું કાંઈ શોક કરીશ મા.' આ રીતે અનન્યભાવે ભગવાનને શરણે જવું એને આશરો કહેવાય.

ભગવદપાદ્ રામાનુજાચાર્યજી આ જ આશ્રયને શરણાગતિ કહે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં શરણાગતિ માટે 'આશ્રય' શબ્દ પ્રયોજે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે ગ.પ્ર. ૩૩ મા વચનામૃતમાં આશ્રયનું સ્વરૂપ અને ભેદ સમજાવ્યા છે. જેનો સાર નીચે પ્રમાણે છે.

એકવાર ભગવાન શ્રીસ્વામિનારાયણ ગઢપુરમાં સંતોની સભા ભરીને વિરાજમાન હતા. એ પ્રસંગે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો,

"હે મહારાજ ! ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારના શાસ્ત્રમાં કહ્યા છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે, જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય ?"

મુક્તાનંદ સ્વામીના પ્રશ્નનું સમાધાન કરતાં મહારાજ બોલ્યા,

"સ્વામી ! ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે, અને તે આશરો અતિ દૃઢ જોઈએ. એ આશ્રયમાં કોઈ પણ પ્રકારની પોલ હોવી જોઈએ નહીં."

"ભગવાનના આ આશ્રયના ત્રણ ભેદ છે. મૂઢપણે

થતો આશ્રય, પ્રીતિથી થતો આશ્રય અને સમજણથી થતો આશ્રય.''

આટલી વાત કરી શ્રીજી મહારાજે અતિ કરુણાથી આશ્રયના ત્રણ ભેદ વિસ્તારથી સમજાવ્યા.

ભગવાનના આશ્રયનો વિશેષ મહિમા સમજાવતા ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે કે,

''જેને ભગવાનનો આ કહ્યો એવી રીતે દૃઢ આશ્રય હોય, તે જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહિ, પણ કદાચિત્ ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને જો કાંઈક અવળું કર્મ થઈ જાય, તો પણ તે દૃઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગ થકી પડી જાય નહીં, માટે એ જે ભગવાનનો દૃઢ આશ્રય છે, એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી.'' (વચ.ગ.મ.૧૩)

''ભગવાનનાં સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિક ભાવ નથી અને એ ભગવાન તો માયા અને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે, એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂક્યો છે.'' (વચ.વ.૫)

''માયાનું કાર્ય પોતાને વિષે તો હોય પણ પોતાને ભજન કરવા યોગ્ય એવા જે પ્રગટ પ્રમાણ શ્રીવાસુદેવ ભગવાન તેને તો એ માયાના ગુણથી પર સમજે છે, માટે તેને પણ માયાથી પર જ જાણવો.'' (વચ.વ.૫)

જેમ કે, ગોપીઓમાં ગુણોનો ભાવ હતો, પરંતુ નિર્ગુણ એવા ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય કરવાથી સર્વ ગોપીઓ નિર્ગુણ ભાવને પામી હતી. અરે ! ભગવાનના સંબંધથી પૂતના અને કંસાદિકનો પણ ઉદ્ધાર થયેલો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના આશ્રયના બળે કરીને હજારો સામાન્ય નર-નારીઓ નિર્ગુણ, દિવ્ય અને સચ્ચિદાનંદમય આક્ષરધામને પામ્યા હતા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ હરિબળગીતામાં શ્રીહરિના આશ્રયનું બળ કેવું હોય? એ સારી રીતે વર્ણવેલું છે.

ભગવાનના આશ્રયનું બળ લઈને સાધક પ્રમાદી કે આળસુ ન બની જાય એટલા માટે ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃત સારંગપુર-૧૧મા પુરુષપ્રયત્ને કરીને કેટલી પ્રાપ્તિ થાય છે અને પરમેશ્વરની કૃપાએ કરીને કેટલી પ્રાપ્તિ થાય છે? તેનું સુંદર નિરુપણ કર્યું છે.

સર્વ સાધનનું મૂળ સત્સંગ

ભગવત્‌પ્રાપ્તિના સાધનોમાં સત્સંગનું ખૂબ મહત્ત્વ છે.

શતાનંદ સ્વામીએ સત્સંગિજીવનમાં સત્સંગ શબ્દનો સુંદર અર્થ કર્યો છે,

સત્સંગ એટલે સત્ય એવા પરમાત્માનો સંગ.
સત્સંગ એટલે સત્ય એવા આત્માનો સંગ.
સત્સંગ એટલે સત્ય એવા સત્શાસ્ત્રનો સંગ.
સત્સંગ એટલે સત્ય એવા સદ્‌ગુરુનો સંગ.
સત્સંગ એટલે સત્ય એવા સદાચારનું પાલન.
સંગનો અર્થ છે-પ્રીતિ, આસક્તિ, આત્મબુદ્ધિ.

સત્સંગના આ સર્વ અંગોમાં પણ ભગવાનના એકાંતિક સત્પુરુષ સાથે પ્રીતિરૂપ સત્સંગ શ્રેષ્ઠ છે, કારણ કે સત્પુરુષનો સંગ થવાથી જ શાસ્ત્રોનું રહસ્ય સમજાય છે, આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે, પરમાત્માને વિશે અસાધારણ પ્રીતિ થાય છે.

ભગવતી શ્રુતિ કહે છે, 'आचार्यवान् पुरुषो वेद ।' (छा.उ.-६-१४-२)

શ્રોત્રીય, બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના સમાગમથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે.

ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, આશ્રય વગેરે સર્વ સાધનો સત્સંગથી સિદ્ધ થાય છે. માટે ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં સત્સંગને શ્રેષ્ઠ સાધન માનેલ છે.

મોક્ષનું દ્વાર કઈ રીતે ઊઘડે ? એ પ્રશ્નનું સમાધાન કરતા ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે,

''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ, તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

''જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય, તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.'' (વચ.ગ.પ્ર.૫૪)

એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહ્યું છે કે,

'यं न योगेन सांख्येन दानव्रततपोऽध्वरैः ।
व्याख्यास्वाध्यायसन्यासैः प्राप्नुयाद् यत्नवानपि ॥
(भाग-११-१२-९)

'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક તેણે કરીને હું જેવો વશ થતો નથી તેવો

સત્સંગે કરીને વશ થાઉં છું'

ભાગ.સ્કન્ધ-૧૧,અ-૧૨, શ્લોક-૧,૨મા પણ ભગવાન શ્રીકૃષ્ણે આ જ વાત ઉપર ભાર આપ્યો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં વારંવાર સત્સંગનો મહિમા ગાયો છે.

"સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે, ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે." (વચ.ગ.પ્ર.૮)

"સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે." (વચ.ગ.પ્ર.૪૪)

જીવના હૃદયમાં અને બહાર સત્સંગ અને કુસંગની લડાઈ નિરંતર ચાલ્યા કરે છે. એમાં વિજય કેમ મેળવવો? એનો ઉપાય બતાવતા ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે કે, "અંતરમાં જે કુસંગી છે તેનું બહારના કુસંગીને પોષણે કરીને બળ વધે છે અને અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે. માટે બહારના કુસંગીનો સંગ ન કરે ને બહારના જે સંત છે તેનો જ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાય ને સંતનું બળ વધે છે."(વચ.ગ.પ્ર.૭૦)

દેહભાવથી મુક્ત થઈ બ્રહ્મરૂપ થવું કઠણ કાર્ય છે પરંતુ ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે કે,

"અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય."(વચ.સા.૯)

હૃદયમાં સર્વ કલ્યાણકારી ગુણ કઈ રીતે પ્રગટે? એનો ઉપાય જણાવતા ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે કે, "જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતનાં વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે." (વચ.સા.૧૮)

"ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે." (વચ.વ.૪)

સામાન્ય રીતે આત્મદર્શન અને પરમાત્મદર્શન દુર્લભ ગણાય છે, પરંતુ જો ભગવાનના સાચા સંતમાં દૃઢ પ્રીતિ થાય તો એ સુલભ થઈ જાય છે. ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે કે,

"સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે." (વચ.વ.૧૧)

ભગવાન શ્રીસ્વામિનારાયણે અનેક વચનામૃતોમાં સંત કોને કહેવાય? અસંત કોને કહેવાય? સાર કોને કહેવાય? અસાર કોને કહેવાય? એ વિવેક પણ સમજાવ્યો છે.

લોયાનું છઠ્ઠું વચનામૃત સંગશુદ્ધિનું વચનામૃત છે. આ વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે અનેક પ્રશ્નો દ્વારા સંગશુદ્ધિ શીખવી છે.

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે કેવા સાધુનો સંગ કરવો? અને કેવા સાધુનો સંગ ન કરવો? કોના મુખેથી કથા સાંભળવી? અને કોના મુખેથી કથા ન સાંભળવી? એનો વિવેક શીખવ્યો છે,

कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः ।

स्यात्तन्मुखान्न वै श्रव्याः कथावार्ताश्च वा प्रभोः ॥

(शिक्षापत्री-२५)

"જેનાં વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાના ધર્મ થકી પડી જવાય, તેના મુખ થકી ભગવાનની કથા વાર્તા ન સાંભળવી."

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः ।

पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ॥

(शिक्षापत्री-२८)

"ભક્તિ અને જ્ઞાનનું અવલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદને વિષે લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તેનો સમાગમ ન કરવો."

વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે,

"સંગ પણ પ્રભુના ભક્ત અને પંચ વર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો, તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશય વૃદ્ધિ પામે."(વચ.ગ.પ્ર.૨૯)

સંગ કઈ રીતે કરવો? એ સમજાવતાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે,

"નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે-વિચારે તો એ મલિન ઘાટનો નાશ થાય છે, માટે સત્સંગનો પ્રતાપ તો અતિશય મોટો છે; અને બીજાં સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહિ, કાં જે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે." (વચ.ગ.પ્ર.૩૦)

સૌંદર્યની અનુભૂતિ કેવી રીતે પામી શકાય ?

- શ્રી ભાણદેવજી

સૌંદર્ય એટલે સૃષ્ટિમાં અભિવ્યક્ત થયેલા પરમાત્મા. જે સત્ય છે, તે શિવમ (મંગલમય) હોય જ અને જે સત્ય છે, તે સુંદરમ્ પણ હોય છે.

આ સમગ્ર સૃષ્ટિ પરમાત્માની અભિવ્યક્તિ **(Manifestation)** છે. પરમાત્મા પરમ સુંદર છે. તેથી તેની અભિવ્યક્તિ-સૃષ્ટિ પણ સુંદર હોય તે સ્વભાવિક જ છે. આમ છતાં સૃષ્ટિમાં પરમાત્માની અભિવ્યક્તિ સર્વત્ર સમાન સ્વરૂપે હોતી નથી. અભિવ્યક્તિમાં તારતમ્ય હોય છે.

જ્યાં પરમાત્માની અભિવ્યક્તિ વધુ સ્પષ્ટ હોય છે, ત્યાં સૌંદર્ય અનુભવાય છે, તે સુંદર જણાય છે. આમ હવે આપણે કહી શકીએ કે સૌંદર્ય એટલે પરમાત્માની વિશિષ્ટ અર્થાત્ સ્પષ્ટ અભિવ્યક્તિ.

આપણને સૌંદર્યનું દર્શન ગમે છે. શા માટે ? સૌંદર્ય પરમાત્માનું એક સ્વરૂપ છે. પરમાત્મા આનંદસ્વરૂપ છે. સૌંદર્યના માધ્યમથી પરમાત્માની અનુભૂતિ થાય છે. પરમાત્માની અનુભૂતિ આનંદદાયક હોય જ, કારણ કે આનંદ તો પરમાત્માનું સ્વરૂપ છે. આમ હોવાથી સૌંદર્યનું દર્શન આપણને ગમે છે.

સૃષ્ટિમાં અપરંપાર સૌંદર્ય છે. શું આપણે આ સૌંદર્યની અનુભૂતિ હંમેશાં પામી શકીએ છીએ ? આટલા અનર્ગળ સૌંદર્ય વચ્ચે પણ આપણે કેમ દુઃખી છીએ ? કારણ એક જ છે - સૌંદર્ય અપરંપાર છે, પરંતુ આપણે સૌંદર્યને અનુભવી શકતા નથી. આવી સુંદર સૃષ્ટિ આપણને સુંદર પ્રતીત કેમ થતી નથી ? સૌંદર્ય હોવા છતાં આપણે તેની અનુભૂતિ કેમ પામતા નથી ? આ જ પ્રશ્નને બીજી રીતે મૂકીએ -

આપણે સૌંદર્યની અનુભૂતિ કેવી રીતે પામી શકીએ ? આપણામાં એવી કઈ કઈ બાધાઓ છે, જેને કારણે આપણે સૌંદર્યને પામી શકતા નથી ? સૌંદર્યને અનુભવી શકતા નથી ? સૌંદર્યાનુભૂતિમાં બાધારૂપ બનતાં આ વિઘ્નોને આપણે કેવી રીતે દૂર કરી શકીએ ? આપણે સૌંદર્યના અનુભવને કેવી રીતે પામી શકીએ ?

(૧) સૌંદર્યાનુભૂતિમાં સૌથી પ્રધાન બાધ છે - ભોગેચ્છા. જે સુંદર વસ્તુ કે વ્યક્તિ છે, તેને મેળવીને તેને ભોગવવાની ઇચ્છા થાય એટલે ચિત્ત કલુષિત બની જાય છે. કલુષિત ચિત્તમાં સૌંદર્યની અનુભૂતિ પ્રગટી શકે નહીં.

કોઈ સુંદર સ્ત્રી પ્રત્યે કામભાવથી જોવામાં આવે અને ચિત્તમાં તેના સૌંદર્ય પ્રત્યે ભોગેચ્છા પ્રગટે તો તે સૌંદર્યની અનુભૂતિથી આપણે વંચિત રહી જઈએ છીએ. સુંદર સ્ત્રીને કામભાવ અને ભોગેચ્છાથી મુક્ત રહીને વિશુદ્ધભાવે પણ જોઈ શકાય. પરિશુદ્ધ ચિત્તથી તેના સૌંદર્યનો વિશુદ્ધ અનુભવ પણ પામી શકાય. આમ બને તો જ સુંદર સ્ત્રીના દર્શનથી ચિત્તમાં સૌંદર્યની અનુભૂતિ પ્રગટી શકે.

એક કમળનું પુષ્પ જોઈને ચિત્ત પ્રસન્ન થઈ જાય છે. પરંતુ બીજી જ ક્ષણે જો ચિત્તમાં કમળનાં પુષ્પને પામવાની ઇચ્છા પ્રગટે તો ભાવક તેની સૌંદર્યાનુભૂતિથી વંચિત રહી જાય છે. આમ સુંદર વસ્તુને મેળવી લેવાની ઇચ્છા, પ્રાપ્ત કરી લેવાની લાલસા, તેને ભોગવવાની તૃષ્ણા ભાવકને સૌંદર્યાનુભૂતિથી વંચિત રાખી દે છે.

સૌંદર્યની અનુભૂતિ ચિત્તમાં પ્રગટે તે માટે ચિત્તને સ્વકેન્દ્રી લાલસા - મેળવી લેવાની ઇચ્છા - ભોગેચ્છાથી મુક્ત રાખવું અનિવાર્ય છે.

સૌંદર્યાનુભૂતિ બહુ નાજુક અને સૂક્ષ્મ અનુભવ છે.

ચિત્ત દ્વારા જો નાની સરખી પણ બાધા ઉપસ્થિત થાય તો આ મહામૂલો અનુભવ ચિત્તમાં પ્રગટતો નથી.

ભાવકે સતત યાદ રાખવું જોઈએ કે સૌંદર્ય ભોગવવા માટે કે, પ્રાપ્ત કરી લેવા માટે નથી, સૌંદર્ય અનુભવવા માટે છે - ભોગાસક્તિ તો અનુભૂતિમાં બાધારૂપ છે.

(૨) સૌંદર્યાનુભૂતિમાં બીજી બાધા છે - ચિત્તની જડતા. સંવેદનશીલ હૃદય જ સૌંદર્યના અનુભવને પામી શકે છે. અહીં જડસુઓનો પ્રવેશ નથી. **"Sensitivity is efficiency to feel."** "સંવેદનશીલતા એટલે અનુભવ પામવાની ક્ષમતા."

જેમની પાસે આ પ્રકારનું સંવેદનશીલ હૃદય ન હોય તેઓને સૌંદર્યની અનુભૂતિ ન થઈ શકે. જડસુને મન સુંદર અને કુરુપ, બધું સરખું હોય છે. એ સાચું છે કે સુંદરમાં કશુંક અસાધારણ અભિવ્યક્ત થયું હોય છે, પરંતુ જેમની પાસે આ અસાધારણને જોવાની આંખ ન હોય અને તેને અનુભવવા માટેનું હૃદય ન હોય, તેમને મન શું સુંદર અને શું કુરૂપ?

એક શરણાઈવાદક શરણાઈ પર સુંદર રાગ-રાગિણીઓનું વાદન કરી રહ્યા હતા. લાંબા સમય સુધી તેઓએ શરણાઈ દ્વારા સંગીત રેલાવ્યું. ત્યાર પછી એક મહાનુભાવ તેની પાસે સાંબેલું લઈને આવ્યા અને બોલ્યા

પોલું છે ને વાગે છે તેમાં શી કીધી તે ચતુરાઈ ?
આ સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે !

કહો, આવા જડસુઓ સૌંદર્યની અનુભૂતિને કેવી રીતે પામી શકે?

(૩) સૌંદર્યાનુભૂતિમાં ત્રીજી બાધા છે - ચિત્તની મલિનતા, વિશુદ્ધ ચિત્ત વિના સૌંદર્યાનુભૂતિ પ્રગટી શકે નહીં. જે જમીનમાં ઝાડાંઝાંખરાં પુષ્કળ પ્રમાણમાં ઊગી નીકળ્યા હોય, તે જમીનમાં ગુલાબનાં પુષ્પો ખીલી શકે નહીં. ઘાસ, છોડવાઓ આદિથી સર્વથા મુક્ત હોય તેવી ફળદ્રુપ જમીનમાં જ ગુલાબ થઈ શકે. તે જ રીતે જે ચિત્તમાં અનેક પ્રકારની મલિનતા હોય, તે ચિત્તમાં સૌંદર્યાનુભૂતિ જેવી સૂક્ષ્મ અનુભૂતિ પ્રગટી શકે નહીં.

હવે પ્રશ્ન એ છે કે ચિત્તની મલિનતા એટલે શું? રાગ, દ્વેષ, ગ્રંથિઓ, ઈર્ષ્યા, અભિમાન, ભય, વાસનાઓ, લોભ આદિ તત્ત્વો ચિત્તમાં મલિનતા સર્જે છે. ચિત્તમાં તેમની હયાતી તે જ ચિત્તની મલિનતા છે. આ મલિનતા સૌંદર્યાનુભૂતિમાં બાધારૂપ બને છે.

દૃષ્ટાંતતઃ કોઈ એક યાત્રી હિમાલયની યાત્રાએ જાય છે. હિમાલયની યાત્રા દરમિયાન તેને ભય લાગે છે. આ ભયભીત મનોદશાને કારણે તે સૌંદર્યાનુભૂતિથી વંચિત રહે છે. એક સંગીતકાર બીજા સંગીતકારની સિતાર સાંભળે છે, પરંતુ ઈર્ષ્યાને કારણે સંગીતની સૌંદર્યાનુભૂતિથી વંચિત રહે તેમ બની શકે છે.

આમ ચિત્તની મલીનતાઓ પણ સૌંદર્યાનુભૂતિમાં બાધારૂપ બની શકે છે. વિશુદ્ધ ચિત્ત સૌંદર્યાનુભૂતિ માટે લાયક ક્ષેત્ર છે.

(૪) ભગવાન સર્વત્ર છે, તેવી દૃઢ શ્રદ્ધા અને ચિત્તની આવા અનુભવ માટેની અભિમુખતા પણ સૌંદર્યાનુભૂતિ માટે અનુકૂળ ભૂમિકા તૈયાર કરી આપે છે.

સૌંદર્યાનુભૂતિ તે વસ્તુતઃ એક સ્વરૂપનું ભગવદ્ દર્શન જ છે. સર્વત્ર ભગવાન છે, તેવી શ્રદ્ધા, તેનાં દર્શન માટેની અભિમુખતા હોય, તો ચિત્તનું ઢાંકણ તુરત ખસી જાય છે અને સૌંદર્યરૂપે આવેલા પરમાત્મા તુરત પ્રગટ થાય છે.

સૌંદર્યાનુભૂતિ માટે માનવીની અભિમુખતા હોય તો આવી અનુભૂતિના પ્રાગટ્યની સંભાવના ઉપસ્થિત થાય છે. સર્વત્ર ભગવત્ ભાવના રાખવાથી સૌંદર્યાનુભૂતિ માટે આપણાં મનની અભિમુખતા તૈયાર થાય છે.

(૫) સૌંદર્યાનુભૂતિ માટે મન અને ઈન્દ્રિયોની તદનુરૂપ કેળવણી થાય તે આવશ્યક છે. જેની આંખ અને ચિત્ત કેળવાયા ન હોય તે ચિત્રનાં સૌંદર્યની અનુભૂતિ પામી શકે નહીં. ઓમકારનાથનું ગાયન અતિ સુંદર છે, પરંતુ ભાવકને પક્ષે કશી જ તૈયારી ન હોય તો ભાવક તે ગાયનનાં સૌંદર્યની અનુભૂતિ પામી શકે નહીં. સહૃદય ભાવક જ સૌંદર્યને આત્મસાત કરી શકે છે. તેથી જ તો કવિએ કહ્યું છે -

अरसिकेषु कवित्वनिवेदनं शिरसि मा लिख मा लिख मा लिख।

અરસિક એટલે જે ભાવકનું ચિત્તમંત્ર રસનિષ્પતિ માટે ઉપયુક્ત નથી. રસનિષ્પત્તિની ઘટના સહૃદય અને અભિમુખ ભાવકના ચિત્તમાં ઘટે છે, પથ્થરમાં નહીં.

આનો અર્થ એમ નહીં કે માત્ર સંગીતકાર જ સંગીતને માણી શકે કે માત્ર ચિત્રકાર જ ચિત્રને માણી શકે. તે વિષયની વિશેષયોગ્યતા અનિવાર્ય નથી, પરંતુ કળાની જે શાખાની સૌંદર્યાનુભૂતિનો આપણે વિચાર કરીએ તે શાખામાં ભાવકનો કાંઈક પ્રવેશ હોય તે કળાની સૌંદર્યાનુભૂતિ પામવા માટે આવશ્યક છે.

પરમાત્મા દ્વારા રચાયેલી આ સૃષ્ટિમાં તેમણે અપરંપાર સૌંદર્ય મૂક્યું છે. આસમાન, સિતારાઓ, ચંદ્ર, સૂર્ય, ઉષા, સંધ્યા, નદી, પહાડો, સમુદ્ર, વૃક્ષો, પુષ્પો, પક્ષીઓ, ધોધ, ઝરણાં - આ બધા તો ભગવાનની સૃષ્ટિનાં દૃષ્ટાંતો છે. વસ્તુતઃ અહીં સર્વત્ર અપરંપાર સૌંદર્ય

અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર

મૈં હું આદિ અનાદિ...

- મહેશ પટારિયા



ભૂમિકા રૂપેનાં ચરણથી જ સ્વામી પોતાની સાથે આપણા અસ્તિત્વના અણસારાની ભાળ આપતા કહે છે, 'મૈં હું આદિ અનાદિ...'

સ્વામીના આ શબ્દો સમજવા એક કલ્પના કરવા જેવી છે. ચાલો કરીએ....

મારા પિતા, દાદા, પરદાદા એમ આગળ વંશવેલાની સાંકળને ભૂતકાળમાં લંબાવતા જઈએ તો ભગવાન રામ કે કૃષ્ણના વખતમાં પણ મારા પૂર્વજો હશે જ, કેમકે આ સાંકળના આપણા પછીના મણકાની કોઈ ગેરંટી નથી, પણ આપણી આગળના મણકા વિષે શંકા ન હોઈ શકે; કેમ કે એ સાંકળ અતૂટ રહી એટલે જ એના એક મણકા તરીકે મારું અસ્તિત્વ ઉદભવ્યું. આ જ વિચારને આગળ ધપાવતા - ગુફામાં વસતા, કાચું માંસ ખાતા, આદિમાનવમાં પણ આ પગેરું પહોંચે. એથી આગળ પણ જઈએ તો આપણી મતિ અટકી પડે અને સ્વામીના શબ્દો જ આગળ ધરવા પડે કે, 'મૈં હું આદિ અનાદિ...'

આ આદિ અનાદિનું અસ્તિત્વ ધરાવતો માણસ આજે સર્વ ઉપાધિઓથી ઘેરાયેલો છે. આ ઉપાધિનું કારણ સ્વામી જગત પ્રત્યેની આસક્તિને ગણાવે છે. ઉપાધિ મટાડવાનો ઉપાય સદ્‌ગુરૂનું શરણું બતાવે છે.

જગતની આસક્તિ બે રીતે છૂટી શકે એમ આપણે જોતા આવ્યા છીએ. એક તો મોટા પુરુષનો જોગ અને બીજું કોઈ મહારોગ.

મહાપુરુષના યોગે કરીને ભવસાગર તરી ગયા હોય એવા વિરલ સ્ત્રી-પુરુષોનાં ઉદાહરણો પણ અનેક છે. એમણે પણ યથાયોગ્ય ગુરુમહિમા પોતાનાં પદોમાં ગાયો છે. દાખલા તરીકે ગંગાસતીના દરેક પદમાં 'ગુરુપ્રતાપે ગંગાસતી એમ બોલિયા રે...' એવો ઉલ્લેખ આવે છે.

બીજી રીતથી આસક્તિ છૂટે એમાં મનુષ્યની ગરિમા જોખમાતી અનુભવાય છે. રોગથી ત્રસ્ત, મૃત્યુની ભીખ માંગતા વ્યક્તિને મૃત્યુ ગ્રસી જાય એવાં ઉદાહરણો ગણવાની જરૂર નથી. ગણિતની પરિભાષામાં એને 'અનંત ગણ' તરીકે ગણાવી શકાય.

સ્વામી પ્રથમ ચરણની પ્રથમ પંક્તિમાં જ કાસ્ટ, કુહાડો અને ઘડહનહારા સુથારના ઉદાહરણ દ્વારા આત્મા, જન્મ અને સંસારચક્રને સમજાવે છે. વિવિધ ફર્નિચરના નમૂનામાં અંતે તો કાષ્ટતત્વ જ 'કોમન' ગણાય, પણ દેખાય તો કોઈ વિરલાઓને જ.

નરસિંહ મહેતા પણ 'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ.' એમ કહીને સમગ્ર સૃષ્ટિની એકતાના દર્શન કરાવે છે. એવા જ અણસારા સ્વામી અહીં આપે છે. સ્વામી પૂર્વાશ્રમમાં સુથાર હતા એટલે એમને કાષ્ટનું ઉદાહરણ સહજ પ્રાપ્ય લાગે છે.

એકરૂપતાથી ભરેલી સૃષ્ટિને ભેદભાવથી જોવાનો મહારોગ મટી ગયો છે, એમાં એનાં મૂળમાં પણ સ્વામી ગુરુકૃપાને જ કારણરૂપ ગણે છે.

બીજાં ચરણમાં સ્વામી કોઈ ભૂમિકા વિના સીધા જ 'બ્રહ્મ'નું દર્શન કરાવે છે. અગાઉ કહ્યું એમ જો આપણું અસ્તિત્વ આદિ અને અંતથી પર અનાદિ હોય તો આપણાં મા-બાપ, ભાઈ-બહેન, કુટુંબ કયું સાચું?

અનાદિકાળથી અસ્તિત્વ ધરાવતા આપણા સાચા સગા કોણ?

આ વાતને સમજાવતા શ્રીજી મહારાજ વચનામૃત પણ કહે છે; 'સમુદ્રમાં જેટલું પાણી છે, એટલું આ જીવ

માતાનું દૂધ પી ચૂક્યો છે.'

વિચારતા ચકરાવે ચડી જવાય એવી આ વાતને સમેટતા સ્વામી પોતાની 'અસલી જાત'નો પરિચય કરાવતા કહે છે 'બ્રહ્મ હમારી જાત'.

બસ, કોઈ સાધકને પોતાની અસલી જાતનો પરિચય થાય પછી ત્રિગુણ - સત્વ, રજસ અને તમસથી ઉપરની અવસ્થા પ્રાપ્ત થતી હશે એવું સ્વામીની વાત પરથી પ્રતીત થાય છે. સુધરવું - બગડવું એ તો તમસ, રજસ અને સત્વ વચ્ચે રમરાણ રહેતા લોકો માટેની ગતિ ગણાય, પણ જેને પોતાની અસલી જાતનો પરિચય થયો છે એ આ ત્રણેયથી પર ગુણાતીત અવસ્થા પ્રાપ્ત કરતો હોય છે. ગીતા જેને સ્થિતપ્રજ્ઞ કહે છે.

સ્વામીને પણ આ ગુણાતીત અવસ્થાના સ્ટેજ પરથી પોતાનાં અસલી કૂળનો પ્રણવનાદ સંભળાય છે.

ચોથા ચરણમાં દુનિયા જેનામાં ડોલી રહી છે, જેમાં ભ્રામક સુખની અનુભૂતિ કરી રહી છે એવા સુખની ક્ષણભંગુરતા બતાવતા સ્વામી એવા સુખને 'મળમૂત્રની ક્યારી' કહે છે.

ગુજરાતના જાણીતા કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ કહેતા; 'કામદેવ જરૂર રૂપાળો છે પણ કામદેવનું સર્જન જેણે કર્યું છે એ ભગવાન તો એનાથી પણ વધારે રૂપાળા છે, કેમ કે સર્જન કરતાં એનો સર્જક વધુ તેજસ્વી હોય જ. જેને આવા ભગવાન પ્રત્યેનું આકર્ષણ વધી પડે એને કામદેવનું આકર્ષણ ખરી પડે એવું બને.'

સ્વામી તો આવા ભ્રામક સુખ પ્રત્યે અતિ આકરા થઈને વિષ્ઠા સાથે સરખાવે છે. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...' જેવા વૈરાગ્યપ્રધાન પદો આપનાર મૂર્તિમાન વૈરાગ્ય એવા સ્વામી સાંસારિક સુખો માટે આવા શબ્દનો પ્રયોગ કરે એ કાંઈ નવાઈ પમાડે એવું તો નથી જ !!!

આ ચરણની બીજી પંક્તિમાં પણ કામ પ્રત્યેનું આકર્ષણ ટળવાનું કારણ 'રામ મળ્યા'નું જ બતાવે છે.

પાંચમાં ચરણમાં સ્વામી ભગવદ્ ગીતાની યોગભ્રષ્ટ આત્માની થિયરી રજૂ કરે છે. ભગવદ્ ગીતા કહે છે કે, કોઈ સાધક એની સાધનામાં વિઘ્ન આવતા ભટકી જાય અને જો એવી જ અવસ્થામાં મૃત્યુ પામે તો એ કોઈ ગર્ભશ્રીમંતને ત્યા સુખની રેલમછેલ વચ્ચે જન્મે છે. આવા સાધકને ગીતા 'યોગભ્રષ્ટ આત્મા' કહે છે.

ઘણી વખત આવા સાધકને પૂર્વની સ્મૃતિ જળવાતી હોય છે. એવા દાખલા આપણા શાસ્ત્રોમાં જેવા મળે છે. સ્વામીને પણ આ સ્મૃતિ હશે જ એટલે તેઓ પોતાની આગળની, અધૂરી સાધના અને એમાં થયેલ વિઘ્નને એ જોઈ શકે છે. એટલે પોતાના હાલના આ જન્મનું કારણ પણ તેઓ એને જ ગણાવે છે.

છેલ્લાં ચરણમાં સ્વામી શ્રદ્ધાપૂર્વક જણાવે છે કે, જે કારણે આ દેહ ધર્યો છે એ કામ થઈ ગયું છે. એટલે કે અગાઉની અધૂરી રહી ગયેલી સાધના આ જન્મે પરિપૂર્ણ થઈ ચૂકી છે. અગાઉ રહી ગયેલી 'કિંચિત કામા'નું વૈરાગ્યના શસ્ત્રથી છેદન કર્યું છે. આવો આત્મસાક્ષાત્કાર થાય પછી સામે પ્રત્યક્ષ, પ્રગટ ભગવાન ન દેખાય એવું બને ખરું? અને જેને પ્રગટ, સાક્ષાત પ્રભુ મળે એનાં નામ, ઠામ, કૂળ ન છૂટે એવું બને?

આવું થાય ત્યારે પ્રત્યેક સાધક વ્યક્તિ કૂળ તજીને નિષ્કુળાનંદ બને, એવી શક્યતાનું દર્શન કરાવીને સ્વામી પોતાનાં પદની પુર્ણાહૂતિ કરે છે.

અનુસંધાન પેજ નં. ૮ ઉપરનું

અભિવ્યક્ત થયું છે. બાળકની આંખ અને માનવનો ચહેરો પણ સુંદર હોય છે. પવનનો સૂસવાટ અને વર્ષાની ધારાઓ પણ સુંદર જ છે. કહો, અહીં શું સુંદર નથી?

પરમાત્માએ રચેલી આ સૃષ્ટિ તો સુંદર છે જ, પરંતુ પરમાત્માના પ્રતિનિધિ જેવા કળાકારોએ રચેલી કળાકૃતિઓ પણ સુંદર હોય છે. સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય - આ અને આવા અનેક કળાક્ષેત્રો છે. કળાકાર દ્વારા કળાકૃતિમાં પણ પરમાત્માનું સૌંદર્ય અભિવ્યક્ત થાય છે. આ કળાઓના રસાસ્વાદન દ્વારા પણ ભાવક સૌંદર્યાનુભૂતિ સુધી પહોંચી શકે છે.

સૌંદર્યાનુભૂતિનું મુખ પણ પરમાત્મા તરફ જ છે. સૌંદર્યાનુભૂતિ પણ એક સ્વરૂપની આધ્યાત્મિક અનુભૂતિ જ છે. સૌંદર્યાનુભૂતિ દ્વારા પણ સહૃદય ભાવકને પરમ સુંદરની ઝલક મળી શકે છે.

સૌંદર્યાનુભૂતિમાં જે આનંદ, શાંતિ, પ્રેમ અનુભવાય છે, તેમાં પણ પરમાત્મા આનંદ, શાંતિ, પ્રેમનો અંશ ઊતરી આવે છે. સૌંદર્યના ઉપાસકો પણ વસ્તુતઃ સત્યના જ ઉપાસકો છે, કારણ કે સત્યમ્-શિવમ્ અને સુંદરમ્ ભિન્ન ભિન્ન નથી. આ સર્વ એક જ પરમ તત્ત્વના ભિન્ન ભિન્ન પાસાં છે.

જે માનવી સૌંદર્યની અનુભૂતિને પામે છે, તે તેના દ્વારા ભગવાન પ્રત્યે પ્રગતિ કરે છે. જેને 'અધ્યાત્મ'નું નામ આપવામાં આવે છે, તે જ અધ્યાત્મ છે અને બીજું કાંઈ નહીં, તેવું નથી. અધ્યાત્મને તેના વ્યાપક સ્વરૂપે જોઈએ, વ્યાપક દૃષ્ટિથી જોઈએ, તો સૌંદર્યાનુભૂતિ પણ આધ્યાત્મિક અનુભૂતિનું જ એક સ્વરૂપ છે. 'સુંદરમ્'ની પગદંડી દ્વારા પણ 'સત્યમ્' પ્રત્યે ગતિ કરી શકાય છે.

ભક્તને દુઃખ શા માટે ?

- કીર્તિભાઈ ઘોળકિયા

ઘણાને આવો પ્રશ્ન થતો હોય છે કે, ભક્તને દુઃખ શા માટે ?

કેટલાક લોકો પ્રભુની આજ્ઞા પાળતા નથી. આજ્ઞા લોપ કરીને મન ફાવે તેવાં પાપકર્મ કરતા હોય છે, છતાં તેઓ સુખી હોય છે. વળી તે લોકો એમ કહે કે, 'અમે જુઓ ! ભગવાનને માનતા નથી, તેની આજ્ઞા લોપીએ છીએ, છતાં બીજા કરતા અમે સુખી છીએને ? આજ્ઞા-બાજ્ઞા એવું હોય નહીં. મનમાં આવે તેમ કરવું.' એમ કહી ફૂલાતા હોય છે.

તો સામા પક્ષે એકાંતિક હરિભક્તોની હરોળમાં મૂકી શકાય તેવા ભક્તોને સામાન્ય આજ્ઞાપાલક ભક્તો કરતાં વધારે દુઃખ આવે છે. આધિ-વ્યાધિ-ઉપાધીથી ઘેરાયેલા હોય છે. એક સાંધે ત્યાં તેર તૂટે તેવી આર્થિક સ્થિતિ હોય છે. આવી અસમાનતા કેમ ? પેલા ભક્તો મહારાજની જેવી-તેવી આજ્ઞા પાળતા હોય છતાં સુખી હોય છે અને આ ભક્તો શિક્ષાપત્રીની આજ્ઞામાં વર્તતા હોય છતાં દુઃખી કેમ હોય છે ?

આખો વિરોધાભાસ કેમ વર્તે છે ? આ પ્રશ્નોના જવાબમાં એવું કહી શકાય કે, શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમના ૩૯માં એમ કહ્યું છે કે, જગતના લોકોને દુઃખ આવે છે તે તેમનાં કર્મે કરીને આવે છે અને ભક્તોને જે દુઃખ આવે છે તે પ્રભુની આજ્ઞા લોપવે કરીને આવે છે.

પ્રભુની આજ્ઞા જાણે અજાણ્યે લોપાઈ જતી હોય છે, તેથી દુઃખ આવતું હોય છે.

અથવા તો પૂર્વજન્મનું પાપ હોય તેને ભોગવવા માટે દુઃખ આવતું હોય છે.

અથવા તો તે ભક્તે મા-બાપની સેવા ન કરી હોય, તેમને કલ્પાવ્યા હોય, તો મા-બાપનો ફિટકાર લાગે અને દુઃખભર્યું જીવન વિતાવે છે.

અથવા તો કોઈ મોટા સંતનો અવગુણ લીધો હોય અને હરિભક્તનો દ્રોહ કર્યો હોય તો દુઃખ આવે.

શ્રાદ્ધકર્મ કે પિતૃકર્મ ન કર્યું હોય તો તેને પૂર્વજો હેરાન કરતા હોય.

ભગવાનની આજ્ઞા પાળવામાં યુક્તિ કરી છીંડા પાડતા હોય, તો દુઃખ આવે.

ધર્માદાનું અન્ન કે ધન ખોટી રીતે ખાતા હોય કે તે ધન ઓળવી લીધું હોય, કે અન્ન હક્કનું ખાતા હોય, તો દુઃખ આવે.

નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિ ગ્રંથના આઠમા પ્રકરણની કડી નં.૧૯થી ૩૧મા કહે છે :

અસુરો કહે છે :

કરશું જુદા જુદા પરવેશ, દેશું દુઃખ બહુ અહોનિશ ।
એમ પરિયાણિયા એ અસુર, બોલ્યાં નરનારી કરી જોર ॥
એક કહે થાઉં એની માત, નિત્ય શીખવું પાપની વાત ।
એક કહે થાઉં એની માસી, નાખું મોહ ને માયાની ફાંસી ॥
એક કહે થાઉં એની બેન, રોઈ કળકળી કરાવું ફેન ।
એક કહે થાઉં હું દીકરી, મારી ચિંતામાં ન ભજે હરિ ॥
એમ બોલી અસુરની નારી, કરીએ બહુવિધ વિઘન ભારી ।
ત્યારે બોલ્યા અસુર વળતા, અમે બહુ જાણુ છું ખળતા ॥
એમ સહુ મળી આપણે કરશું, જેણે થાય એ જીવનું નરશું ।
એમ ખરા ખબડદાર થાઓ, આવ્યો અવસર મ ભૂલો દાવો ॥
એના કુટુંબમાં પ્રવેશ કરીએ, ગુરુ સંબંધીનું રૂપ ધરીએ ।
એના ઉરથી અધર્મ ન ટળે, એમ કરવું આપણે સઘળે ॥

એટલે કે, શ્રી કૃષ્ણચંદ્ર પ્રગટ થયા ત્યારે તેમણે અનેક અસુરોનો સંહાર કરેલ. તેમાં કેટલાક બાકી રહ્યા તે અસુરો પ્રભુ સામે કે તેના ભક્ત સામે વેર લેવા જુદી જુદી રીતે જન્મ ધરીને આવ્યા.

તો ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા ત્યારે તેમણે નીલકંઠ વેષ ધરીને જગન્નાથપુરીમાં અનેક અસુરોને માર્યા. તેમાંથી જે અસુરો નાસી ગયા તેમણે ભેગા મળીને એવું નક્કી કર્યું કે, ભક્તને નિયમ ધર્મમાં ભૂલો પડાવી તેને કલ્યાણના માર્ગેથી પાડી નાખવો અને તેને દુઃખ આપવું. અને ભક્તને હેરાન કરવા ભક્તના કુટુંબમાં, માતા-પિતા, ભાઈ બહેન, દીકરીમાં પ્રવેશ કર્યો અને તેના મનમાં મોહનો ફાંસલો નાખી પુણ્યકર્મ કરતા અટકાવ્યા, પાપકર્મ કરાવ્યું. જેથી તે ભક્ત દુઃખી રહે. નવરો થાય તો ભગવાનની આજ્ઞા પાળે ને ? ભજન કરે ને ? તો એનું કલ્યાણ થાય ને ?

આખો વિચાર અસુરોએ કર્યો. તેથી હરિભક્તોને તેમના કુટુંબી તરફથી, ઘરની વ્યક્તિ તરફથી, પુત્ર કે પુત્રી તરફથી દુઃખ મળે છે. મોહ દ્વારા તે ભક્ત દુઃખી થાય છે.

આ દુઃખ અસુરો દ્વારા ઉત્પન્ન થયેલું છે. ભક્તોને દુઃખી કરીને અસુરો રાજી થાય છે. અસુરોને હરિભક્તો સાથે જ વેર છે. બીજા સાથે નથી. આજ્ઞાપાલક હોય તેને જ અસુરો હેરાન કરે છે. ભગવાનને જે નથી માનતા તેની સાથે અસુરોને વેર નથી. તેથી ભગવાનના ભક્તને એક યા બીજા કારણસર હેરાન કરે છે.

વળી શ્રીહરિએ ગઢડા પ્રથમના ૩૪માં એમ કહ્યું છે કે, 'ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે.

આપણે આટલા વર્ષો સુધી શ્રીહરિનું ભજન કર્યું, આજ્ઞા પાળી, છતાં ભગવાન દુઃખ આપે છે તો તે ભક્તની નિષ્ઠા ચકાસવા આપે છે. જેમ ગામડામાં ઢોરને બાંધવા માટે લાકડાનો ખૂંટો જમીનમાં ખોડે અને જ્યારે ખોડાઈ જાય ત્યારે તેને હલાવે. કેમ? ખૂટો કાઢી નાખવા માટે નહીં, પણ તે બરાબર જમીનમાં જડાયો છે કે નહીં? તે ચકાસવા માટે હલાવે છે. જેથી કરીને બાંધેલું ઢોર છટકી ન જાય.

શ્રીહરિ ગઢડા મધ્યના ૬૨માં વચનામૃતમાં કહે છે, 'ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારના દુઃખ આવે છે. તે દુઃખના દેનારા કામ, કર્મ, માયા એમાંથી કોઈ નથી. એ તો પંડે ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોયાને અર્થે દુઃખને પ્રેરે છે. તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે. પણ કાળ, કર્મ, માયાનો શો ભાર છે જે ભગવાનના ભક્તને પીડી શકે? એ તો ભગવાનની જ ઇચ્છા છે.'

પૂર્વે અને આજે પણ એવા ભક્તો હોય છે. તેની નિષ્ઠા ચકાસવા માટે શ્રીહરિએ દુઃખ આપ્યું છે, છતાં તે ડગ્યા નથી. તેની સમજણમાં ઓછપ આવી નથી, બલ્કે સમજણ અને સત્સંગ દૃઢ થયો છે.

દાદા ખાચરને વ્યવહારિક અને શારીરિક દુઃખો આવતાં. અન્ય સંતો અને ભક્તોને પણ રોગાદિક પીડા આવતી, છતાં તેઓ મહારાજની પ્રસાદી છે તેમ માની પીડા અને દુઃખ સહન કરતા.

આપણે સુખને ભોગવી લઈએ છીએ અને ભગવાન પાસે કોઈ ફરિયાદ કરતા નથી કે, આટલું બધું સુખ-સુખ તમે કેમ આપ્યું? તો દુઃખને પણ પ્રભુની પ્રસાદી માની અપનાવી લેવું જોઈએ અને મહારાજનો મહિમા અતિ સમજવો, એ સાચા હરિભક્તનું લક્ષણ છે.

મહારાજ ઘણીવાર દુઃખ આપે છે, તે આપણી કચાશ ટાળવા માટે આપતા હોય છે, ભૂલનું પ્રાયશ્ચિત કરાવવા માટે આપતા હોય છે.

મહારાજ એવી સ્થિતિ ઊભી કરે કે જેના પર આપણને અતિ લગાવ હોય, હેત હોય, તે જ વ્યક્તિ દગો કરે, તો તે કૃત્ય પ્રભુ આપણને તે સગામાંથી, વસ્તુ-પદાર્થમાંથી હેત તોડાવવા માટે કરતા હોય છે.

જો ભગવાનને ભૂલીને બીજામાં હેત થયું તો તે કલ્યાણમાં બધારૂપ છે. તેથી શ્રીહરિ સ્વજનોનો વિયોગ આપીને આપણી સમજણ ચકાસતા હોય છે અને તે હેત તોડાયતા હોય છે.

ઘણીવાર વ્યવહારમાં અને સત્સંગમાં ધાર્યું ન થતું હોય તે આપણા માટે હિતકર છે. સ્વભાવ મૂકાવવા અને દેહાભિમાન ટાળવા પ્રભુ આવી સ્થિતિ નિર્માણ કરતા હોય છે.

દુઃખ આવે ત્યારે હિંમત રાખે અને તેની નિષ્ઠામાં જરાય ફેર ન પડવા દે; આવી સમજણનો બીજાને દાખલો દેવા માટે પ્રભુ આવું કરતા હોય છે કે શ્રેષ્ઠ સમજણવાળા હરિભક્ત કેવા હોય?

જેની સમજણ મોટી તે ભક્ત મોટો એવું પણ શ્રીહરિ વચનામૃત વડતાલના ૨૦માં કહે છે.

સરખામણી એક અતિ ઉચ્ચ અને એક અતિ નિમ્નકક્ષામાં ન કરાય. તેમાં તો સહેજે ફેર લાગવાનો જ છે. મજૂર વર્ગની સરખામણી એક શ્રીમંત સાથે કરો તો કક્ષાફેર હોવાથી તફાવત જણાશે.

નાસ્તિક માણસ ઘણીવાર ખૂબ સુખી હોય છે તેની સાથે આપણે તુલના કરીએ તો તે તારણ ખોટુ પડે, કેમ કે બન્નેની કક્ષા જુદી જુદી છે. નાસ્તિક ભલે આર્થિક રીતે સુખી હોય પણ તે ભગવાન સંબંધી સુખ કે તેના દિવ્ય આનંદ થકી છેટો હોય છે. જ્યારે ગરીબ હરિભક્ત પ્રભુના આનંદમાં મહાલતો હોય છે.

આપણે સુખ કોને માનીએ છીએ? તેના પર બધો આધાર છે. આર્થિક સદ્ધરતાને સુખ માનીએ છીએ કે આધ્યાત્મિકતાને સુખ માનીએ છીએ? શ્રીમંત વર્ગ આધિ-વ્યાધિ-ઉપાધિથી ઘેરાયેલો હોય, શરીર-સંપત્તિ ઠીક ન હોય છતાં દેખાવ ઉપરથી તે સુખી જણાતો હોય. તેની તુલનામાં ગરીબ હરિભક્તની આધ્યાત્મિક સ્થિતિ ખૂબ ઉંચી હોય, તેના મનમાં શાંતિ વર્તતી હોય, જે શ્રીમંતને ન વર્તતી હોય તેમ બને. વડોદરાના દિવાન અને નાથ ભક્તની સ્થિતીનું દૃષ્ટાંત નજર સમક્ષ જ છે. તેથી સુખનો આધાર આર્થિક સ્થિતિને નહીં, પણ આધ્યાત્મિક સ્થિતિને ગણવો જોઈએ. તો જ સાચા સુખનો ખ્યાલ આવે, માટે સુખ-દુઃખને ભગવાનની પ્રસાદી માનીને તેનો સત્કાર કરવો તે સાચા હરિભક્તનું લક્ષણ છે.

'દાસના દુશ્મન હરિ કદી હોય નહીં; જેમ કરશે તેમ સુખ થશે.

સમાચાર દર્શન

પંચમ પાટોત્સવ, સવાનાહ -યુ.એસ.એ.

SGVP ગુરુકુલ – અમદાવાદ દ્વારા અમેરીકાના જ્યોર્જિયા સ્ટેટમાં આવેલા સવાના શહેરમાં શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી અહીં વૈદિક હિંદુ ધર્મની સર્વે ધારાઓના સમન્વય સ્વરૂપે દ્વાદશ જ્યોતિર્લિંગ, ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી વિષ્ણુ, શિવજી, ગણપતિજી, પાર્વતીજી તથા સૂર્યનારાયણના દિવ્ય સ્વરૂપોની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે.

અહીં બિરાજતા દેવોના પંચમ પાટોત્સવ નિમિત્તે પંચાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચાબ્દિ મહોત્સવના પ્રથમ દિવસે માનસરોવરનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું હતું. માનસરોવરના આ પૂજન માટે ભારતથી એક હજાર તીર્થોનું જળ એકત્રિત કરવામાં આવ્યું હતું. ભક્તિભાવથી ભરેલી પાંચસોથી વધારે બહેનોએ આ તીર્થજળના કળશોને મસ્તક પર લીધા હતા અને માનસરોવરને ફરતા લગભગ એક કિલોમીટર જેટલા માર્ગમાં પ્રદક્ષિણા કરવામાં આવી હતી. અમેરીકા જેવા દેશમાં આ રીતે તીર્થજળ સાથેની વિશાળ જળયાત્રા પ્રથમવાર યોજાઈ હતી. આ કળશયાત્રાનું દ્રશ્ય અત્યંત અદ્‌ભુત હતું. શોભાયાત્રાના સમાપન સમયે વેદમંત્રોના ઘોષ સાથે આ તીર્થજળને માનસરોવરમાં પધરાવવામાં આવ્યું હતું અને વરૂણદેવ સહિત સર્વ તીર્થદેવોની સમુહ આરતી ઉતારવામાં આવી હતી. આ આરતીનું દ્રશ્ય પણ અતિ દિવ્ય હતું.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, આજથી આ સરોવર સાચા અર્થમાં માનસરોવર બન્યું છે. આ સરોવરના જળને માથે ચડાવવાથી સર્વ તીર્થોના સ્નાનનું ફળ પ્રાપ્ત થશે.

મહોત્સવના દ્વિતીય દિને રૂદ્રયાગનું આયોજન થયું હતું. અહીં ૧૮ એકરમાં વિસ્તરેલા સરોવરને કિનારે સુંદર યજ્ઞશાળાનું નિર્માણ કરવામાં આવેલ છે. પંચાબ્દિ મહોત્સવના યજમાનો સપરિવાર યજ્ઞમાં જોડાયા હતા. પવિત્ર ભૂદેવોએ વૈદિક મંત્રોના ગાન સાથે યજમાનોને યજ્ઞવિધિ કરાવ્યો હતો.

મહોત્સવના તૃતીય દિને સોમવાર હતો. ભગવાન શિવજીને સોમવાર પ્રિય છે. અહીં માનસરોવરના મધ્યભાગમાં સર્વેશ્વર ધામનું નિર્માણ કરવામાં આવેલ છે. અહીં ભગવાન શિવજી દ્વાદશ જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરાજમાન છે. આજ રોજ દ્વાદશ જ્યોતિર્લિંગનો પ્રથમ પાટોત્સવ હોવાથી પૂજ્ય સ્વામીજીએ માનસરોવરના પવિત્ર જળ, વિવિધ ઔષધિ દ્રવ્યો, પંચામૃત, કેસરજળ વગેરેથી વૈદિક મંત્રોના ગાન સાથે દ્વાદશ જ્યોતિર્લિંગનું મહાભિષેક દ્વારા ભવ્ય પૂજન કર્યું હતું. ભગવાનના મહાભિષેક બાદ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરાવીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

ચૈત્ર સુદ પૂર્ણિમાના દિવસે સનાતન મંદિરમાં બિરાજમાન ભગવાનનો મહાભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ ધરાવવા માટે ભક્તજનો ઘરે ઘરેથી વિવિધ પ્રકારની વાનગી બનાવીને લાવ્યા હતા.

ત્રિદિનાત્મક પંચાબ્દિ મહોત્સવમાં દરરોજ સંધ્યા આરતી બાદ પૂજ્ય સ્વામીજીએ રઘુવંશના મહાન રાજાઓ તથા ભગવાન શ્રીરામચંદ્રજીની કથાનું શ્રવણ કરાવ્યું હતું. પૂજ્ય સ્વામીશ્રીએ સવાનાહ નિવાસી ભક્તજનોને સંબોધતા જણાવ્યું હતું કે, 'આપ સર્વે સનાતની ભાઈ બહેનો સાથે મળીને અહીં ઉત્સવ-સમૈયા કરતા રહો છો. સૌ સાથે મળીને વૈદિક સંસ્કૃતિની રક્ષા કરવાનો પ્રયાસ કરો છો તે જાણીને અમારું હૃદય પ્રસન્નતા અનુભવે છે.'

મહોત્સવના દિવ્યાનંદને માણવા માટે જ્યોર્જિયા, ફ્લોરીડા, સાઉથ-નોર્થ કેરોલાઈના સ્ટેટના વિવિધ વિસ્તારોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવમાં પધારનારા તમામ ભક્તજનો માટે ભોજનાદિકની વ્યવસ્થા મંદિરના સ્વયંસેવક ભાઈ-બહેનોએ સુચારું રીતે કરી હતી.

પૂજ્ય વેદાંત સ્વામી, પૂજ્ય ભક્તિવેદાંત સ્વામી, પૂજ્ય નિરંજન સ્વામી, પૂજ્ય આનંદ સ્વામી, પૂજ્ય શુકવલ્લભ સ્વામી, ઋષિકુમાર ભાવિન તથા રવિ વગેરે સંતો-ભક્તોએ મહોત્સવમાં રાત્રિ-દિવસ ખૂબ સેવા કરી હતી.

બાલ સંસ્કાર શિબિર-૨૦૨૪

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે વેકેશન દરમ્યાન તારીખ ૦૫ થી ૧૦ મે, ૨૦૨૪ દરમિયાન બાલ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયેલ આ શિબિરમાં બાળકોએ અનેક પ્રકારના આયોજનોમાં ભાગ લઈ સત્સંગ સાથે શિક્ષણના સંસ્કાર મેળવ્યા હતા. શિબિરને બાળકો તથા બાલિકાઓ એમ બે વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં ૬૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો. છ દિવસની શિબિર દરમિયાન અનેકવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. ઉપરાંત બાળકોને સંતો દ્વારા તથા બાલિકાઓને સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગની દંડવત, પૂજા, વંદન, શાસ્ત્રવાચન, યોગ, પ્રાણાયામ તથા માતા પિતાની સેવા, વડીલોને આદરભાવ વગેરે સંસ્કારલક્ષી કેળવણી આપવામાં આવી હતી. ઉપરાંત કેમ્પસમાં રહેલી સ્વીમીંગ, હોર્સ રાઈડીંગ, ક્રિકેટ, ફૂટબોલ વગેરે રમતોના મેદાનોની સુવિધાઓના ઉપયોગ દ્વારા બાળકોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. આ શિબિરમાં પરમ પૂજ્ય સદ્‌ગુરુ બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય સંતોએ બાળકોને હળવી શૈલીમાં વાર્તાઓ દ્વારા બોધ આપ્યો હતો તેમજ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બાળકોને ઈનામ અર્પણ કર્યા હતાં. આ શિબિરનું તમામ આયોજન શાસ્ત્રી શ્રી સર્વમંગલદાસજી સ્વામી, પૂજ્ય શ્રુતિવલ્લભદાસજીદાસજી સ્વામી તથા નાના સંતોએ કર્યું હતું. વ્યવસ્થાપનમાં સાંખ્યયોગી બહેનો, ગુરુકુલના વિદ્યાર્થીઓ તથા હરિભક્તો અને બહેનો જોડાયા હતા.

ગુરુકુલ પ્રિમીયર લીગ - GPL-13

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP ખાતે SGVP SURYA SPORTS ACADEMY દ્વારા GPL-13 (ગુરુકુલ પ્રિમીયર લીગ)ઑલ ઈન્ડીયા ઓપન ડે-નાઈટ ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ તથા લેધર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને ટૂર્નામેન્ટમાં ૨૦૦ ઉપરાંત ટીમોએ ભાગ લીધેલ, જેમાં લેધર બૉલ ટૂર્નામેન્ટની ફાઈનલ મૅચ તારીખ ૨૩ એપ્રિલના રોજ રમાઈ હતી. જેમાં દિલ્લી, ચેન્નઈ, નોઈડા, અમદાવાદ, વડોદરા, ભાવનગર, રાજકોટ વગેરે શહેરોની ટીમોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય ધર્મનંદનદાસજી સ્વામી, પૂજ્ય ભક્તવત્સલદાસજી સ્વામી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને બે લાખ એકાવન હજાર રૂપિયા, ટ્રોફી તથા રનર્સ અપ ટીમને સવા લાખ રૂપિયા તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તૃતીય, ચતુર્થ સ્થાને રહેલ ટીમ, મેન ઑફ ધી મેચ, બેસ્ટ બોલર તથા બેસ્ટ બેટ્સમેનને રોકડ ઈનામ તથા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં કુલ મળીને પંદર લાખ ઉપરાંત રકમના ઈનામો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય ધર્મનંદનદાસજી સ્વામીએ વિજેતા ટીમને અભિનંદન પાઠવી સંસ્થાની પ્રવૃત્તિની માહિતિ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત શ્રી અનિલભાઈ જોષી (સેક્રેટરી ગુજરાત ક્રિકેટ એસો.) શ્રી ગણેશ યુગ (સ્પોર્ટસ્ ઓથોરેટી ઓઉ ઈન્ડિયા), શ્રી નંદુભાઈ રાઘવાણી (સીસલ્સ)વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અંતે ટૂર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર વિજય કન્ટ્રક્શન સીશલ્સના માલિક શ્રી વિશ્રામભાઈ પટેલને યાદ કરી એમનો આભાર માન્યો હતો. આ સમગ્ર ટૂર્નામેન્ટનું સફળ આયોજન પૂજ્ય શાસ્ત્રી શ્રી કુંજવિહારીદાસજી સ્વામી તથા સ્વયંસેવકોએ કર્યું હતું.

પદયાત્રા તથા ચપ્પલ વિતરણ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે દરિદ્રના દુઃખ દૂર કરવાની આજ્ઞા આપી છે. ત્યારે ઉનાળાના આ આકરા તાપમાં રોડ ઉપર ખુલ્લા પગે ફરતા લોકોને થોડી પણ રાહત મળે એવા હેતુથી પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી દર વર્ષની જેમ આ વર્ષે વડતાલધામ ખાતે ચપ્પલ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે અમદાવાદથી વડતાલ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો, વિદ્યાર્થીઓ તથા ૨૦૦ ઉપરાંત ભક્તો જોડાયા હતા. પદયાત્રાના સમાપન પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ તથા વડતાલધામના કોઠારી શ્રી સંતવલ્લભદાસજી સ્વામી, ચેરમેન શ્રી દેવપ્રકાશદાસજી સ્વામીના સાંનિધ્યમાં ચપ્પલ વિતરણનું આયોજન થયું. તારીખ ૨૮ એપ્રિલના રોજ વડતાલ તથા આસપાસના ગામોમાં સ્વયંસેવકોએ ગલીગલીએ ફરી, ખેતરોમાં જઈને પંદર હજાર ઉપરાંત જોડી ચપ્પલ દરિદ્રનારાયણના પગમાં પહેરાવી અમૂલ્ય સેવાનો લાભ લીધો અને ઈષ્ટદેવને રાજી કર્યા.

વર્ષ ૨૦૨૩-૨૪નું ઝળહળતું પરિણામ

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સદ્‌ગુરુ સંતોની કૃપાથી ગુરુકુલ દ્વારા ચાલતા વિદ્યાદાનના કાર્યમાં સતત સફળતા મળતી રહે છે. વર્ષ ૨૦૨૩ ૨૪ દરમિયાન લેવાયેલ બોર્ડની પરિક્ષાઓમાં વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી છે. પ્રથમ ક્રમાંકિત વિદ્યાર્થીઓની યાદી નીચે મુજબ છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય
મેમનગર - અમદાવાદ

ધોરણ ૧૦

95.82 PR

ઈશાંત ગજેરા



94.92 PR

ઓમ બવાડીયા

94.61 PR

રોશન ભીમાણી

ધોરણ ૧૨



99 43 PR

તરૂણ ડાંગોદરા

98 57 PR

અક્ષય પરમાર

98 02 PR

ધ્રુવ રાખોલીયા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર કુમાર વિદ્યાલય

ધોરણ ૧૦



91.13 PR

ઝાલા પ્રિન્સ

86.26 PR

બાંભણીયા જયેશ

81 35 PR

ઝાલા દીપરાજ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર કુમાર વિદ્યાલય

ધોરણ ૧૨

99.84 PR

દોમડિયા લક્ષ

94.83 PR

ડાંગોદરા આર્યન

86.17 PR

મેર પ્રદીપ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર કન્યા વિદ્યાલય

ધોરણ ૧૦

94.46 PR

બારૈયા કિંજા



88 91 PR

રાણપરીયા હિરલ

88 48 PR

ભાલિયા મિતલ

ધોરણ ૧૨



99.20 PR

સોનવણે સાક્ષી

97.63 PR

બાળધા હેત્વી

95.56 PR

ભંડેરી વિદ્યા

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય

ધોરણ ૧૦

98.44 PR
જાની પાર્થ

ધોરણ ૧૨

99.77 PR
સાધુ જ્ઞાનપ્રકાશદાસ

96.88 PR
પંડ્યા પ્રણવ

96 44 PR
પાર્ષદ વિશાલ ભગત

98.65 PR
પંડ્યા મહીમ

95.07 PR
પંચોલી વેદાંત

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા

ધોરણ ૧૨

દેવ લાલાણી

નિશિત ક્કક્ક

પાર્થ ખોખારી

જીત સિંગાળા

ગુરુકુલ રીબડા

ધોરણ ૧૦

ઐશ્વર્યા ડાંગર


હિતાર્થ દોષી

જૈત્ર ચૌહાન

વેદાંષી વ્યાસ

SGVP ઇન્ટરનેશનલ સ્કુલ

ધોરણ ૧૦ ICSE

98.40 %
નિરભીત રાજ


96 %
પટેલ પ્રિયમ

95.80 %
શાહ આયાન

ધોરણ ૧૨ SCIENCE - ISC

95.25 %
ચૌહાણ અથર્વ

92 %
સોલંકી દેવજસિંહ

91.25 %
ડોબરિયા કિશ

91.25 %
મુદીત પુર્સવાની

ધોરણ ૧૨ COMMERCE - ISC


93.25 %
દીપ કોરવાડીયા

91.25 %
ડોબરિયા ભક્તિલ

90.50 %
સ્મિત ભુવા

ગુરુકુલ ગૌરવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) આમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખૂબ મોટા પ્રયત્નો કરવામાં આવે છે. જેનું પરિણામ SGVPના વિદ્યાર્થી સાહિલ પરમાર છે. SGVPમાં અભ્યાસ પૂર્ણ કરીને હાલ એરો સ્પેસ ક્ષેત્રમાં આગણ વધેલા સાહિલે અંતરીક્ષ વિજ્ઞાનમાં હરણફાળ ભરી છે. સાહિલ હાલ અમેરિકા સ્થિત કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં રોકેટ સાયન્સનો અભ્યાસ કરી રહ્યો છે.

એમના અભ્યાસ દરમિયાન સાહિલ તથા તેમની ટીમ દ્વારા લિક્વિડ રોકેટ એન્જિનનું સફળતા પૂર્વક પરિક્ષણ કર્યું હતું. આ એન્જિન યુનિવર્સિટિની લેબમાં બનવવામાં આવ્યું છે. આ એન્જિન પી.આર-૧ (કેરોસિન) અને ક્રાયોજેનિક લિક્વિડ ઓક્સિજન દ્વારા સંચાલિત મેટલ ૩ડી. પ્રિન્ટેડ એન્જિન છે. જે ૧૦કે.એન. (કિલો ન્યૂટન)નું થ્રસ્ટ બનાવે છે અને દસ સેકન્ડમાં ૧૦૧૯૭૧૬ કિલો ફોર્સ ઉત્પન્ન કરી શકે છે.

સાહિલ પરમારની આ સિદ્ધ બદલ SGVP ગુરુકુલ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સાહિલને શુભાશીર્વાદ સાથે ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી અનંતભાઈ માલવિયા :- ટોરન્ટો, કેનેડા નિવાસી પ.ભ. શ્રી અનંતભાઈ માલવિયા તા. ૨૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. અનંતભાઈ એટલે સત્સંગનો સ્તભ. એમની સમજણ, નિષ્ઠા અને ભજન-ભક્તિ અપાર હતા. ભગવાન શ્રીહરિ તથા સંતો પ્રત્યે અપાર સ્નેહ ધરાવતા હતા. એમના દ્વારા થયેલી સત્સંગની સેવા સદાયને માટે યાદગાર રહેશે. ગુરુકુલ તથા ગુરુકુલના સંતો સાથે અનંતભાઈ ખૂબ હેતથી જોડાયેલા હતા. ભગવાન શ્રીહરિ અનંતભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા હનિષભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મનુભાઈ ગોરધનભાઈ પટેલ :- જેક્સનવિલ-અમેરિકા નિવાસી પ.ભ. શ્રી મનુભાઈ પટેલ તા. ૨૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. શ્રીજી મહારાજના કૃપાપાત્ર ગામ મેનપુરા નિવાસી મનુભાઈ એકાંતિક ભક્ત હતા. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અત્યંત આત્મબુદ્ધિ હતી. એમના સુપુત્રો, સુપુત્રીઓ, જમાઈઓ સર્વ ખૂબ સારો સત્સંગ રાખે છે. મનુદાદાને પૂજ્ય સ્વામીજી તથા સંતોમાં અત્યંત હેત હતું. ભજન અને મહિમાના કેફથી અભરે ભરેલા મનુદાદાના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાના ચરણોનું અખંડ સુખ આપે જેન્તિભાઈ, રમેશભાઈ, જગદિશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પ્રવિણભાઈ હરગોવિંદભાઈ શાહ :- લ્યુટન - યુ.કે. નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક પ્રવિણભાઈ શાહ તા. ૧૫ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. પ્રવિણભાઈ એટલે હાલતુ-ચાલતુ ગુરુકુલ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર તથા પૂજ્ય સ્વામીજી સાથે અપાર હેત ધરાવતા હતા. ગુરુકુલના સેવાકાર્યોમાં એમની સેવા અજોડ હતી. યુ.કે. ખાતે સત્સંગના આધારસ્તંભ હતા તથા લ્યુટન ખાતે તેમનું ઘર સંતોનો ઉતારો રહે. પ્રવિણભાઈનું નિખાલસ અને ભક્તિ ભર્યું જીવન સૌને ખૂબ આકર્ષતું. ભગવાન શ્રીહરિ પ્રવિણભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ અર્પે તથા સુપુત્ર પ્રતુલ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. ડો. શ્રી ગજેન્દ્ર પંડાજી :- અમદાવાદ નિવાસી તથા સમસ્ત સંસ્કૃત જગતમાં પ્રતિષ્ઠિત વિદ્વાન આદરણીય ગજેન્દ્ર પંડાજી અક્ષરવાસી થયા છે. લગભગ પચીસ વર્ષથી તેઓ સંસ્થા સાથે જોડાયેલા હતા. એમની સંસ્કૃત ભાષા પ્રત્યેની પ્રીતિ અનોખી હતી. તેઓએ એક લાખ જેટલા લોકોને સંસ્કૃત બોલતા કરવાનું લક્ષ્ય રાખ્યું હતું. દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં તેઓ ખૂબ સારી રીતે માર્ગદર્શન આપી રહ્યા હતા. ભગવાન શ્રીહરિ તેઓના આત્માને સાશ્વત સુખ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી કેશવજીભાઈ તેજાભાઈ મુંગરા :- મોટા ઈટાળા નિવાસી શ્રી કેશવજીભાઈ મુંગરા તા. ૨ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુના સેવેકાર્યોમાં જોડાયેલો આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ કેશવજીભાઈના આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા સુપુત્ર પંકજભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી

પ્રાર્થના.

અ.નિ. શ્રી ચીમનલાલ દયાળજીભાઈ સોનેતા :- પનવેલ નિવાસી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર દયાળજીબાપાના સુપુત્ર ચીમનભાઈ તા. ૧૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. પનવેલ ખાતે ગુરુકુલનું કેન્દ્ર ગણાય એવો આ પરિવાર. સંતો અને મહારાજ પ્રત્યે અપાર હેત ધરાવનારો પરિવાર. એમની સેવા અને સમર્પણ ગુરુકુલમાં ઐતિહાસિક રહ્યા છે. સમજણ અને સત્સંગથી અભરે ભરેલા ચીમલાલના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાના ચરણોનું સુખ આપે તથા સુપુત્રો વિજયભાઈ, જયેશભાઈ, ભાવિનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. અંબાબા ગોપાલભાઈ હપાણી :- ગોપાલભાઈ અને અંબાબાનો હપાણી પરિવાર શ્રીજી મહારાજ તેમજ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો કૃપાપાત્ર પરિવાર છે. અંબાબા દર એકાદશીએ નિયમિત દ્રોણેશ્વર ગુરુકુલે દર્શને આવતા. દ્રોણેશ્વર ગુરુકુલમાં આયોજીત પંચ દિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવનની કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ પૂજારી વિદ્યાર્થી દ્વારા બહેનોની સભામાં અંબાબાને ઘનશ્યામ મહારાજનો પ્રસાદીનો હાર અર્પણ કરાવ્યો એ પણ યોગાનુયોગ જાણે અક્ષરધામ ગમનની વિદાયનો હાર બની રહ્યો. જે ભૂમિને જીવન પર્યંત કર્મભૂમિ બનાવી હતી, એ જમીન પોતાના દીકરાઓને પ્રેરણા કરીને ગુરુકુલ માટે અર્પણ કરી અંબાબાએ હાથ અને હૈયું બેય ઠારી લીધા. ગોપાલભાઈનો પરિવાર ગોરધનભાઈના સુપુત્રો અશોક અને સંજય તથા ગોવિંદભાઈના સુપુત્રો વિપુલ અને પ્રફુલ તથા પૂનાભાઈના સુપુત્રો હિતેશ અને પ્રકાશ તથા બાબુભાઈનો સુપુત્ર મહેશ તેમજ સમગ્ર હપાણી પરિવારને શ્રીજી મહારાજ ધીરજ આપે અને અંબાબાની પાવન સ્મૃતિમાં ભજન-સ્મરણ કરવાનું બળ આપે એવી પ્રાર્થના.

અ.નિ. રંભાબેન ધીરજલાલ પટેલ :- ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પરિવારના માતુશ્રી રંભાબેન પટેલ તા. ૧૯ એપ્રિલના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ રંભાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. વિમલાબેન ગોવિંદભાઈ પટેલ :- ગામ બોરસદ, હાલ સવાનાહ-અમેરિકા નિવાસી શ્રી વિમલાબેન તા. ૯ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની સવાનાહ ગુરુકુલના નિર્માણમાં ખૂબ મોટી સેવા રહી છે. ગુરુકુલને સમર્પિત પરિવારના માતુશ્રી વિમલાબેનના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સુનિલભાઈ, અંબરીશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. ભાનુબેન લાલજીભાઈ બરવાળિયા :- ગામ દુધાળા - ગીર નિવાસી શ્રી ભાનુબેન બરવાળિયા તા. ૧૬ એપ્રિલના રોજ અક્ષરવાસી થયા છે. હાલ સુરત નિવાસી આ પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ ભાનુબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ અશ્વિનભાઈ, મનિષભાઈ, અજયભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. ચંપાબેન નારાયણભાઈ પટેલ :- ગામ ધરમપુર, હાલ અમદાવાદ નિવાસી શ્રી ચંપાબેન પટેલ તા. ૭ મે ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. પરિવારના સંસ્કાર તથા સેવા અજોડ છે. ભગવાનના મહાન ભક્ત ચંપાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ કનુભાઈ, અજયભાઈ, કમલેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી ભરતસિંહજી વાઢેર, જામનગર
પ.ભ. શ્રી રાજેશભાઈ જોષી, SGVP
અ.નિ. પ્રીતિબેન જયેશભાઈ શેઠ, મુંબઈ
પ.ભ. શ્રી ચુનિભાઈ નાદપરા
પ.ભ. શ્રીમનજીભાઈ સિયાણી, બોલ્ટન
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ મેતલિયા, મુંબઈ

આગામી આયોજન

તા. ૦૨/૦૬/૨૪, રવિવાર : **સુહૃદ સભા** : છારોડી ગુરુકુલ, સાંજે : ૫:૩૦ કલાકે
તા. ૦૩/૦૬/૨૪, સોમવાર : **અપરા એકાદશી**
તા. ૧૫/૦૬/૨૪, શનિવાર : **શ્રીહરિ જયંતી** : શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર તથા નિલકંઠવર્ણી અભિષેક : મેમનગર ગુરુકુલ
તા. ૧૬/૦૬/૨૪, રવિવાર : **શ્રીહરિ અંતર્ધાન લીલા** : સત્સંગ સભા, મેમનગર ગુરુકુલ, સવારે ૯:૦૦ કલાકે
તા. ૧૮/૦૬/૨૪, મંગળવાર : **ભીમ એકાદશી**

SGVP HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

SGVP वात्सल्य A HOLISTIC CHILD CARE

sgvpholistichospital.org

બાળકોના સ્વાસ્થ્યની તપાસ અને સારવાર

પિડીયાટ્રીક્સ સુપરસ્પેશિયાલિસ્ટ વિભાગ

- **NICU & PICU Unit**
  નિયોનેટલ અને પિડીયાટ્રીક ઈન્ટેન્સીવ કેર યુનિટ
- **Pediatric Cardiology & Surgery**
  (બાળ હૃદયરોગ અને સર્જરી)
- **Pediatric Neurology and Surgery**
  (બાળકોના ચેતાતંત્ર અને મગજને લગતા રોગો)
- **Pediatric General Surgery**
  (બાળરોગ જનરલ સર્જરી)
- **Pediatric Orthopaedic**
  (બાળકોના હાડકાંને લગતા રોગો)
- **Pediatric Gastroenterology**
  (બાળકોના આંતરડાં અને પેટને લગતા રોગો)
- **Pediatric Unit for Congenital Defects**
  (જન્મજાત બાળકોમાં ખોડખાપણ માટે)
- **Pediatric Nephrology**
  (બાળકોમાં કિડનીને લગતા રોગો માટે)
- **Pediatric Endocrinology**
  (બાળકોને હોર્મોન્સને લગતા રોગો)
- **Pediatric Urology**
  (બાળકોના મૂત્રમાર્ગને લગતા રોગો)
- **Pediatric Pulmonology**
  (બાળકોના ફેફસાં અને શ્વાસને લગતા રોગો)
- **Pediatric Allergy and Immunology**
  (બાળકોમાં એલર્જી અને રોગપ્રતિકારક માટે)
- **Pediatric Infectious Disease Care**
  (બાળકોમાં થતા ચેપીરોગો માટે)
- **Pediatric Speech Therapy & Audiology**
  (બાળકોની સ્પીચ થેરાપી અને ઓડિયોલોજી)
- **Pediatric Growth & Developmental Clinic**
  (બાળકોના ગ્રોથ અને ડેવલપમેન્ટ ક્લિનિક)
- **Pediatric Rheumatology**
  (બાળકોને થતો સંધિવા)
- **Pediatric Haematology**
  (બાળકોના લોહીને લગતા રોગો)
- **Physiotherapy and Rehabilitation**
  (બાળ ફિઝીયોથેરાપી અને રિહેબિલિટેશન)
- **Pediatric Lactation Clinic**
  (પિડીયાટ્રીક લેક્ટેશન ક્લિનિક)
- **Vaccine and Immunisation**
  (બાળ રસીકરણ)

આયુષ્માન ભારત (PM- JAY) યોજના અંતર્ગત
બાળ હૃદયરોગની સારવાર વિનામુલ્યે કરી આપવામાં આવશે.
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : 95122 00122, 02717 240001

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહના પંચમ પાટોત્સવ પ્રસંગે ભગવાનનાં અભિષેક દર્શન, રુદ્રયાગ, ઉપસ્થિત ભક્તજનો તથા જળયાત્રામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનો - અમેરિકા

SGVP અમૃતારોગ્યમ્ ફાર્મસીના નૂતન ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સંતો તથા વૈદ્યો - SGVP ગુરુકુલ

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-